દાખલ તારીખ :- ૦૨/૦૮/૨૦૨૩

રજી. લીધા તારીખ:- ૦૨/૦૮/૨૦૨૩

નિકાલ તારીખ :- ૦૮/૦૮/૨૦૨૩

**સમયગાળો :- વર્ષ માસ દિવસ**

૦૦ ૦૦ ૦૬

**મે.ભચાઉના એડિશ્નલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.ભચાઉ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.: ૪૧૬/૨૦૨૩**

**આંક :-૬**

**અરજદાર/આરોપી:** બચુભા વલુભા જાડેજા,
ઉ.વ.૪૩ આશરે, રહે.જૈન દાદાવાડી,
અંજાર-કચ્છ.
હાલે.જ્યુડી.કસ્ટડીમાં.

**વિરૂધ્ધ.**

**સામાવાળા:** શ્રી સરકાર મારફતે,
જીલ્લા અધિક પબ્લીક પ્રોસીક્યુટર,
ભચાઉ-કચ્છ.

**અરજદાર/આરોપીના વિ.વ.શ્રી એચ.આર.પ્રજાપતિ**

**સામાવાળાના વિ.વ.શ્રી ડી.એસ.જાડેજા**

**બાબત :-** ક્રિ. પો. કોડ ની ક.૪૩૯ મુજબ દિન-૩૦ ના વચગાળાના જામીન મેળવવા અરજ

**-: ચુ કા દો :-**

(૧) જામીન અરજી વંચાણે લીધી. અરજદાર/આરોપી તરફે વિ.વકિલશ્રી એચ.આર.પ્રજાપતિને સાંભળ્યા. સામાવાળા શ્રી સરકાર તરફે વિ.વકિલશ્રી ડી.એસ.જાડેજાને સાંભળ્યા, અરજી સંબંધી પેપર્સ વંચાણે લીધા.

(૨) અરજદાર/આરોપી તરફે વિ.વકિલશ્રીએ રજુઆત કરતા જણાવ્યુ છે કે, હાલના અરજદાર/આરોપી વિરૂઘ્ઘ આડેસર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૯૯૩૦૦૫૨૧ ૦૨૪૩/૨૦૨૧, ઈ.પી.કો.કલમ ૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૧૪૭, ૧ ૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૩૪, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા આર્મ્સ એકટની કલમ ૨૫ (૧–બી)(એ), ૨૭ અને જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો નોંધાયેલ છે અને હાલની અરજી વચગાળાના જામીન ૩૦ દિવસ માટે મેળવવા માટે કરવામાં આવેલી છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીએ આ પ્રથમ વખત વચગાળાની જામીન અરજી કરેલી છે. અરજદાર/આરોપી કુટુંબ કબીલા વાળા વ્યકિત છે અને બે દીકરા અને એક દીકરી અને પત્ની છે અને નાનો દીકરો અભ્યાસ કરે છે અને મોટો દીકરો અંજાર મધ્યે જૈન દાદાવાડીમાં કામ કરે છે અને પત્નીને માથામાં દુખાવાની તકલીફ રહે છે અને તેની દવા કરાવેલ છે. ભુજવ અંજાર મધ્યે સારવાર કરાવેલી છે અને ડોકટરના રીપોર્ટ પ્રમાણે તેઓની પત્નીને સતત માથામાં દુખાવો રહે છે અને તેના કારણે કયારેક ચકકર આવતા અને કોઈપણ ચીજ વસ્તુ ભુલી જતી તેમની દવા અરજદાર/આરોપી કરાવતા હતા પરંતુ અરજદાર/આરોપી જયુડી.કસ્ટડીમાં હોય પત્નીની પુરી સારવાર કરાવી શકેલ નથી તેમજ પરીવારમાં કમાનાર વ્યકિત કોઈ નથી અને રૂપિયાની સગવડ કરવી ખુબજ જરૂરી હોય અરજદાર/આરોપીને વચગાળાના દિન–૩૦ ના જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલી છે.

(૩) સરકાર તરફે વિ.વકિલશ્રી ડી.એસ.જાડેજાનાઓએ આ કામે રજુઆત કરતા જણાવ્યુ છે કે, અરજદાર/આરોપી વિરૂઘ્ઘ આડેસર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૯૯૩૦૦૫૨૧૦૨૪૩/૨૦૨૧, ઈ.પી.કો.કલમ ૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૩૪, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા આર્મ્સ એકટની કલમ ૨૫(૧–બી)(એ), ૨૭ અને જી.પી.એકટની કલમ ૧૩૫ જેવા ગંભીર ગુનાનો આરોપ છે. અરજદાર/આરોપીને વચગાળાના જામીન પર મુકત કરવામાં

આવશે તો મળી આવશે નહી તેથી અરજદાર/આરોપી સામેના ઈ.પી.કો.કલમ ૩૦૨ જેવા ગંભીર અપરાધને ધ્યાને લેતા અરજદાર/આરોપીની વચગાળાની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલી છે.

(૪) પ્રસ્તુત કામે હાલના અરજદાર/આરોપી આડેસર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૯૯૩૦૦૫૨૧૦૨૪૩/૨૦૨૧, ઈ.પી.કો.કલમ ૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૩૪, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા આર્મ્સ એકટની કલમ ૨૫(૧–બી)(એ), ૨૭ અને જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાના આરોપી છે. હાલની અરજી તેઓએ વચગાળાના દિન–૩૦ ના જામીન અર્થે કરેલી છે. અરજદાર/આરોપી તરફે અરજીમાં દર્શાવેલ કારણ મુજબ અરજદાર/આરોપીએ આ પ્રથમ વખત વચગાળાની જામીન અરજી કરેલી છે. અરજદાર/આરોપી કુટુંબ કબીલા વાળા વ્યકિત છે અને બે દીકરા અને એક દીકરી અને પત્ની છે અને નાનો દીકરો અભ્યાસ કરે છે અને મોટો દીકરો અંજાર મધ્યે જૈન દાદાવાડીમાં કામ કરે છે અને પત્નીને માથામાં દુખાવાની તકલીફ રહે છે અને તેની દવા કરાવેલ છે. ભુજવ અંજાર મધ્યે સારવાર કરાવેલી છે અને ડોકટરના રીપોર્ટ પ્રમાણે તેઓની પત્નીને સતત માથામાં દુખાવો રહે છે અને તેના કારણે કયારેક ચકકર આવતા અને કોઈપણ ચીજ વસ્તુ ભુલી જતી તેમની દવા અરજદાર/આરોપી કરાવતા હતા પરંતુ અરજદાર/આરોપી જયુડી.કસ્ટડીમાં હોય પત્નીની પુરી સારવાર કરાવી શકેલ નથી તેમજ પરીવારમાં કમાનાર વ્યકિત કોઈ નથી અને રૂપિયાની સગવડ કરવી ખુબજ જરૂરી હોય અરજદાર/આરોપીને વચગાળાના દિન–૩૦ ના જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલી છે પરંતુ અરજદાર/આરોપી સિવાય કુટુંબની અન્ય કોઈ વ્યકિત અરજદારની પત્નીની સારવાર કરાવી શકે તેમ છે તેથી અરજદાર/આરોપીની હાજરીની જરૂરીયાત જણાતી નથી તેમજ અરજદાર/આરોપી સામે ૩૦૨ જેવા ગંભીર પ્રકારના ગુનાનો આરોપ હોય આ નામદાર કોર્ટને મળેલ વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી હાલના અરજદાર/આરોપીને દિન–૩૦ ના વચગાળાના જામીન ઉપર જામીન મુકત કરવાનું ન્યાયીક અને ઉચિત જણાતું નથી

તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

**:: હુકમ ::**

આથી, અરજદારની હાલની વચગાળાના દિન–૩૦ ના જામીનની માંગણી કરતી અરજી ''**નામંજુર (રદ)**'' કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૮ મી, માહે–ઓગષ્ટ, સને ૨૦૨૩ ના દિવસે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

સહી/–
(પી.ટી.પટેલ)
એડિશ્નલ સેસન્સ જજ,
ભચાઉ–જી.કચ્છ.
જી.જે.૦૦૫૨૮

તા. ૦૮/૦૮/૨૦૨૩
સ્થળ : ભચાઉ–કચ્છ